ગાંધીનગર સમાચાર

જિલ્લાભરમાં સાર્વત્રિક મેઘ-મ્હેર

# શહેરમાં ધીમી ધારે વરસાદ

## છેલ્લા ૨૪ કલાકમાં ૩૦ મી.મી. વરસાદ નોંધાયો : રીમઝીમ વરસાદથી શહેર હીલસ્ટેશનમાં ફેરવાયું





ગાંધીનગર, તા. ૧૨

વરસાદના બીજા રાઉન્ડમાં શહેરમાં સાર્વત્રિક ધીમીધારે વરસાદ પડી રહ્યો છે. ગઈકાલે સાંજથી શરૂ થયેલો વરસાદ હાલમાં પણ ચાલુ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં ૩૦ મી.મી. વરસાદ નોંધાયો છે. વિધિવત ચોમાસાનો પ્રારંભ થતા ખુશીનો માહોલ સર્જાયો છે.

ગાંધીગરાઓ છેલ્લા ઘણા દિવસોથી જેની રાહ જોઈ રહ્યા હતા તેવા સાર્વત્રિક વરસાદે શહેરમાં અડ્ડો જમાવી દીધો છે. ગઈકાલે બપોર બાદથી આકાશમાં વધુને વધુ ઘેરાઈ રહેલા વાદળો ક્યારેક ધીમીધારે તો ક્યારેક ધોધમાર વરસી રહ્યા છે. આજે આખો દિવસ વરસતા રહેલા ધીમીધારના વરસાદથી ગાંધીનગરનું વાતાવરણ જાણે હીલસ્ટેશન જેવુ લાગતુ હતુ. સમગ્ર શહેર જાણે હરીયાળી ચાદર ઓઢીને બેઠુ હોય તેવા દશ્યો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી સતત વરસાદની માંગણી કરી રહેલા નગરજનો સાર્વત્રિક વરસાદથી સંતૃપ્તિ અને સાથે સાથે ઠંડક અનુભવી રહ્યા છે. વરસાદી વાતાવરણને નગરજનો ભરપુર માણી રહ્યા છે.

ગઈકાલે સાંજે ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. મોડી સાંજે વીજળી અને વાદળોનો ગડગડાટ થતો હતો. આકાશમાં છવાયેલા વાદળો જોઈ એવુ લાગતુ હતુ કે વરસાદની દિવસોની પ્રતિક્ષા હવે ચોક્કસ પુર્ણ થશે. આખી રાત ધીમીધારે વરસાદ ચાલુ જ રહ્યો હતો. વરસાદની ગતિ ધીમી હોવાથી શહેરમાં ક્યાંક પાણી ભરાયાની સમસ્યા સર્જાઈ ન હતી. આજે પણ આખો દિવસ વરસાદની મહેર ચાલુ રહી હતી. ધીમો ધીમો વરસાદ ચાલુ રહેતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો વાવણી કાર્યમાં જોતરાયા છે. ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી માહોલમાં ખેતરો જીવંત બન્યા છે અને વાવણીકાર્યથી સમૃદ્ધ લાગી રહ્યા છે. ખેડૂતો માટે તો આકાશમાંથી કાચુ સોનુ વરસી રહ્યું છે. અત્યાર સુધી જિલ્લાના ઘણા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાભરમાં સાર્વત્રિક મેઘ-મ્હેર

## ચારેય તાલુકામાં એક થી દોઢ ઈંચ વરસાદ : દહેગામ-માણસામાં ખેતીલાયક વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં સાર્વત્રિક મેઘ મ્હેર સાથે ખેતીલાયક વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી છે. દહેગામ અને માણસા તાલુકામાં પાંચ ઈંચથી પણ વધુ વરસાદ થઈ ગયો છે તો ગાંધીનગરમાં ૪ ઈંચ વરસાદ અને કલોલમાં ત્રણ ઈંચ કરતાં વધુ વરસાદ થતાં ખેડતો ખેતીના કામમાં જોતરાઈ ગયા છે.

ગઈકાલ સાંજથી શરૂ થયેલા ધીમી ધારના વરસાદથી ખેડૂતોમાં વધુ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ પાણી સીધુ જમીનમાં ઉતરશે અને જમીનમાં ભેજ છવાતાં તેની સીધી અસરો ઉગાવા પર જોવા મળશે તેમ ખેડૂતો માની રહ્યા છે.

જિલ્લામાં સાર્વત્રિક ધીમીધારનો વરસાદ નોંધાયો છે અને આજે દિવસ દરમ્યાન જિલ્લાના ચારેય તાલુકામાં સરેરાશ ૧ થી ૧॥ ઈંચ જેટલો વરસાદ વરસતાં વાતાવરણમાં પણ ઠંડકનો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં આ વર્ષે ચોમાસુ સારૂ રહેશે તેવી આગાહી કરવામાં આવી હતી પરંતુ એક પખવાડિયાના વિલંબ બાદ ચોમાસાનું આગમન થતાં ખેડૂતો ચિંતાતુર પણ બન્યા હતા. જો કે ધીમીધારની મેઘ-મ્હેરને પગલે ખેડૂતોમાં હવે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ધીમી ગતિએ ખેતીનું જે કામ ચાલતુ હતુ તેમાં ગતિ આવી છે. જિલ્લામાં આમ તો કરાયેલ પાક-આયોજન મુજબ જ વાવેતર થશે તેવા અંદાજો છે પણ આ વખતે કપાસનું વાવેતર સારૂ એવુ ઘટશે કારણ કે ચોમાસાના આગમનમાં વિલંબ થયો છે તેમજ ખેડૂતો પણ કપાસને બદલે મગફળીના વાવેતર માટે વધુ ઉત્સાહી જણાયા છે. ગાંધીનગર જિલ્લામાં આજે થયેલ મેઘ મ્હેરને પગલે કઠોળના પાકોનું વાવેતર સારૂ થશે તેમ મનાઈ રહ્યું છે.

# સેકટરોના આંતરિક માર્ગો પર પેવર બ્લોકના લીધે વરસાદી પાણીનો ભરાવો

## લેવલીંગના અભાવે માર્ગો નિચાણમાં આવી જતા પાણી ભરાવાની સમસ્યા જટીલ બની : આંતરિક માર્ગોનુ પણ ધોવાણ થશે

ગાંધીનગર તા ૧૨

વરસાદી દિવસોમાં શહેરના સેકટરોમાં પાણી ભરાઈ જતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામે છે. ત્યારે કોર્પોરેશન દ્વારા સેકટરોમાં આડેધડ પેવર બ્લોકની કામગીરી કરવામાં આવી હોવાના લીધે પણ લેવલીંગ ન જળવાતુ હોવાથી પાણીનો ભરાવો થાય છે. પેવર બ્લોકના કામના લીધે કેટલાક ઠેકાણે રસ્તા નિચાણમાં આવી જતા રસ્તા પર વરસાદી પાણી ઉભરાતુ જોવા મળે છે. જેના પરિણામે સેકટરોના આંતરિક માર્ગોનુ પણ ધોવાણ થઈ રહયુ છે.

શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે માત્ર ૭ જ સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈન છે. જયારે અન્ય સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવાની યોજના હજુ પણ અધ્ધરતાલ છે. ત્યારે ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો નિકાલ ન થતા સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. બીજીતરફ સેકટરોમાં કોર્પોરેશન દ્વારા સેકટરોમાં હાથ ધરાયેલી પેવર બ્લોકની કામગીરી પણ વરસાદી પાણીના ભરાવા માટે જવાબદાર હોવાનુ ધ્યાને આવ્યુ છે.

સેકટરોમાં આંતરિક માર્ગો આસપાસ પેવર બ્લોકનુ કામ થયા બાદ રસ્તાઓ નિચાણવાળા વિસ્તારમાં આવી જતા વરસાદના અંતે માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થયેલો જોવા મળે છે. પેવર બ્લોકની કામગીરી દરમિયાન યોગ્ય લેવલીંગ ન જળવાતા આ સ્થિતિનુ નિર્માણ થયુ છે. હાલ પણ વરસાદ દરમિયાન સે-૩,૫ સે-૮ અને સે-૨૭ સહિતના વિસ્તારોમાં રસ્તા પર પાણીનો ભરાવો જોવા મળે છે. પેવર બ્લોકની કામગીરીના લીધે રસ્તા પર વરસાદી પાણીના ભરાવાની સમસ્યા પેચીદી બની છે. ત્યારે સેકટરવાસીઓએ ઘરઆંગણે જ ગંદકી તેમજ મચ્છરોનો ઉપદ્રવ સહન કરવાનો વારો આવ્યો છે. તંત્રની ટીમ દ્વારા સેકટરોમાં આજે મુલાકાત દરમિયાન ૧૦ જેટલા ઠેકાણે વરસાદી પાણી ભરાયા હોવાનુ ધ્યાને આવ્યુ હતુ.

# દહેગામ નગરપાલિકા અને પાનસર જિલ્લા પંચાયત બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપ વિજયી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની બે બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસ પાસેથી તેની બન્ને બેઠકો આંચકી લીધી છે અને જેને પગલે રાજકારણમાં કોંગ્રેસને ભારે ઝટકો લાગ્યો છે.

દહેગામ નગરપાલિકાના વોર્ડ નં.૩ની એક બેઠક માટે યોજાયેલ પેટા-ચૂંટણીની આજે યોજાયેલ મતગણતરીમાં ભાજપે ૨૫૦થી પણ વધુ મતોએ આ બેઠક કોંગ્રેસ પાસેથી મેળવી લીધી છે.

કોંગ્રેસનો ગઢ ગણાતા વોર્ડ નં. ૩માં લઘુમતિ અને દલિત મતદારો પર ભારે પક્કડ ધરાવતી કોંગ્રેસ પાસેથી આ સલામત બેઠક આંચકી ભાજપે ભારે ધોબી પછાડ આપી છે.

નગરપાલિકામાં હવે ભાજપની સભ્ય સંખ્યા ૨૦ થઈ છે જ્યારે કોંગ્રેસની સભ્ય સંખ્યા ઘટીને ૮ થઈ છે.

આ જ પ્રમાણે કલોલ તાલુકાની પાનસર જિલ્લા પંચાયતની બેઠક સામાન્ય ચૂંટણીમાં ૧૨૦૦થી વધુ મતે જીતનાર કોંગ્રેસે આજે ૧૧૨ મતે ગુમાવી છે.

આ બેઠક પર ભાજપે તેના સામાન્ય ચૂંટણીના પરાજીત ઉમેદવાર રેખાબેન પટેલને પુનઃ ટિકિટ આપી હતી. અત્યંત રસાકસીભર્યા આ ચૂંટણી જંગને જીતવા માટે કોંગ્રેસે તેની સંપૂર્ણ તાકાત લગાવી હતી.

ભાજપે આ બેઠક મતગણતરીના અંતિમ રાઉન્ડમાં સરસાઈ મેળવી અને કોંગ્રેસ પાસેથી આંચકી લીધી હતી. આ બેઠક પર કોંગ્રેસ પક્ષે અત્યંત આક્રમકતાથી પ્રચાર ઝુંબેશ ચલાવી હતી અને સમગ્ર સંકલનની જવાબદારી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે સંભાળી હતી.

એક જ ગામમાંથી બે ઉમેદવારોની પસંદગી થઈ હોવાથી રાજકીય જંગે ભારે ઉત્સુકતા જગાવી હતી તેમજ બન્ને ઉમેદવારોના પરિવારો પંચાયતી રાજ સંસ્થાન સાથે સંકળાયેલા રહ્યા હોવાથી પણ રાજકીય ધમધમાટ પ્રચારનો અહિ વધુ જોવા મળ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## પ્રશ્નોરા નાગર બેસણું



અમારા પૂ. પિતાશ્રી **અરવિંદરાય માનશંકર ભટ્ટ** તા. ૧૦/૭/૨૦૧૬ રવિવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે. **દિવંગતનું બેસણું તા. ૧૪/૭/૨૦૧૬ ગુરૂવારના રોજ સાંજના ૫ થી ૭** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ :** શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ હોલ, સેક્ટર-૭/સી, ૬/૭ બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર.
મો. ૯૮૨૪૩ ૦૩૦૧૦, ૦૭૯-૨૩૨૩૪૪૪૩

| | |
|---|---|
| અ.સૌ કોકિલા ભટ્ટ | જયપ્રકાશ ભટ્ટ |
| અ.સૌ. કુસુમ ભટ્ટ | કૌશિકભાઈ ભટ્ટ |
| અ.સૌ. મિનાક્ષી ભટ્ટ | પ્રદિપ ભટ્ટ |
| અ.સૌ. નંદિની ભટ્ટ | પ્રશાંત ભટ્ટ |
| અ.સૌ. પલ્લવી ભટ્ટ | પરિક્ષીત ભટ્ટ |
| અ.સૌ. રત્ના ભટ્ટ | હેમલ ભટ્ટ |
| અ.સૌ. કૃપાલી ભટ્ટ | બ્રિજેન ભટ્ટ |
| અ.સૌ. મેઘના ભટ્ટ | મલ્હાર ભટ્ટ |

**તથા સ્વ. માનશંકર જયંતિલાલ ભટ્ટ પરિવાર**

લૌકિક વ્યવહાર રાખવામાં આવેલ નથી.

## સ્મરણાંજલિ



**માધવલાલ માનજીદાસ પટેલ**
સ્વાતંત્ર્ય સેનાની - સીપોર
સ્વ. તા. ૧૩/૭/૨૦૦૭

સૌજન્ય, સદ્દભાવન, સ્નેહ જેનો સ્વભાવ હતો,
સહજતા, સેવા, સૌમ્યતા જેના સદ્દગુણો હતા,
પરહિત, પ્રેમ અને લાગણીશીલતા જેની કર્મનિષ્ઠા હતી
તેવા દિવ્યા આત્માને નવમી પુણ્યતિથિએ સ્મરણાંજલિ
પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

રામભાઈ માધવલાલ પટેલ (સીપોર)
જશુભાઈ માધવલાલ પટેલ (મહેસાણા)
કિર્તીભાઈ માધવલાલ પટેલ (ગાંધીનગર)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# ડૉ. ચંપાવત આક્ષેપો બદલ જાહેરમાં માફી માંગે : ભુપેન્દ્રસિંહ ચુડાસમા

## એડવોકેટ એચ.એલ.જાનીએ ડૉ. કલ્યાણસિંહ ચંપાવતને પાઠવી નોટીસ



ગાંધીનગર, તા. ૧૨

રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા વિરૂદ્ધ આક્ષેપાત્મક અહેવાલો સમાચારપત્રો તથા વીજાણું માધ્યમોમાં પ્રકાશિત તથા પ્રસારિત કરાવીને તેઓની ૪૫ વર્ષની જાહેરજીવનની પ્રતિષ્ઠા તેમજ આબરૂને હાની પહોંચાડવાનો પ્રયાસ કર્યો તેના અનુસંધાને ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના એડવોકેટ એચ.એલ. જાનીએ ડૉ. ચંપાવતને દિન-૩૦ની અંદર આ આક્ષેપો અને વિધાનો પરત ખેંચી જાહેરમાં માફી માંગવા અને જો તેમા કસૂર થશે તો તેમની સામે ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૧૨૦ (બી), ૪૯૯ અને ૫૦૦ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવાની તેમને નોટીસ પાઠવી છે.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સામે ડૉ. કલ્યાણસિંહ ચંપાવતે કરેલા આક્ષેપો બદલ ડૉ. ચંપાવત જાહેરમાં માફી માંગે નહીતર તેમની સામે કાનુની રાહે કાર્યવાહી કરવા એડવોકટ એચ.એલ.જાનીએ નોટીસ ફટકારી છે અને ૩૦ દિવસમાં નોટીસનો જવાબ આપવા જણાવાયું છે.

ડૉ. કલ્યાણસિંહ ચંપાવતે તા. ૨૯-૬-૨૦૧૬ના રોજ પત્રકાર પરિષદ યોજી શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આક્ષેપોના સંદર્ભમાં પ્રસાર માધ્યમો દ્વારા જણાવેલ કે જો ૧૦ દિવસમાં ડૉ. કલ્યાણસિંહ ચંપાવત તેઓના આક્ષેપો પાછા ખેંચશે નહી અથવા માફી માંગશે નહી તો તેઓની વિરૂદ્ધ કાયદેસરની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. આમ ૧૦ દિવસનો સમય પુરો થતા કાયદેસરની કાર્યવાહી કરવા માટે

ગુજરાત હાઈકોર્ટના એડવોક્ટ એચ.એલ. જાનીએ ડૉ. કલ્યાણસિંહ ચંપાવતને પાઠવેલ નોટીસમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે તમે સ્માર્ટ એકેડમી ગાંધીનગર ખાતે ચલાવો છો અને તમે મહેસૂલી તલાટીની ભરતી સંદર્ભે ઉમેદવારો પાસેથી એકઠી કરેલ મોટી રકમ તમારા ઘરેથી પકડાયેલ અન તે સંદર્ભે તમારી ધરપકડ તા. ૧૬-૨-૨૦૧૪ના રોજ કરવામાં આવેલ

● અનુસંધાન પાન-૭ પર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

# વરસાદના અંતે પણ સે-૧નુ તળાવ ખાલીખમ

## તળાવની સપાટી રેતાળ હોવાથી ભરાતુ નથી : સે-૧ તળાવ વિકાસની યોજના પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ આમછતા પિકનીક સ્પોટ બનાવાનુ સ્વપ્ન સાકાર થતુ નથીઃ માર્ગ મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓની નિરસતા સામે જનઆક્રોશ



ગાંધીનગર તા ૧૨

વરસાદી દિવસોમાં પણ સે-૧ના તળાવની રોનક નિખરી નથી. રૂ ૭ કરોડના આંધણ બાદ પણ તળાવ વિકાસની યોજનાને પિકનીક સ્પોટ બનાવાનુ સ્વપ્ન સાકાર થયુ નથી. તળાવમાં વરસાદી પાણી ભરાતુ નથી. તળાવના તળિયે ૨ મીટર સુધી રેતીનુ પોલાણ હોવાથી વરસાદી પાણીનુ પણ શોષણ થઈ જાય છે. આજે પણ વરસાદ દરમિયાન તંત્રના અધિકારીઓની ટીમે તળાવની સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ.

શહેરના સે-૧ માં તળાવ વિકાસની યોજનાને સાકાર કરવા માટે સરકાર દ્વારા અંદાજિત ૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. તળાવ વિકાસની યોજનાને અનુલક્ષી તંત્ર દ્વારા બગીચા ઉપરાંત ફુડકોર્ટ માટે દુકાનો પણ બનાવામાં આવી છે. જો કે લાખોના ખર્ચે તૈયાર કરાયેલી દુકાનો ભાડા પેટે ન ફળવાતા હાલ ખંડેર ભાસી રહી છે. શહેરમાં તળાવ વિકાસની યોજના એક દાયકાના અંતે પણ પુર્ણ થઈ શકી નથી. શરૂઆતના તબક્કામાં કામ અટવાયા બાદ યોજનાનુ કામ પુર્ણ થતા વર્ષો નિકળી ગયા હતા. જયારે કામ પુર્ણ થયા બાદ પણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તળાવ વિકાસની યોજનાને પિકનીક સ્પોટ બનાવાના મામલે નિરસતા દાખવતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. કરોડોના ખર્ચ બાદ પણ તળાવમાં પાણી ભરાતુ નથી. જયારે દુકાનો પણ તૈયાર હોવાછતા ફાળવવા માટે કોઈ પ્રક્રીયા હાથ ધરાતી નથી. ચોમાસા દરમિયાન પણ તળાવ ખાલીખમ ભાસે છે. વરસાદી દિવસોમાં પણ તળાવમાં પાણી ભરાતુ નથી.તળાવના તળિયે માટીનુ થર વિશેષ રીતે પથરાયેલુ હોવાથી વરસાદી પાણી પણ જમીનમાં ઉતરી જાય છે. ત્યારે તળાવની સપાટીનુ કામ હાથ ધરવાની અનિવાર્યતા વર્તાય છે. તળાવના તળિયાનુ ઠેકાણુ નહી પડે ત્યાં સુધી તળાવની રોનક નિખરશે નહી તેવો સુર પણ ઉઠવા પામ્યો છે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી તળાવ વિકાસની યોજનાનો કોઈ હેતુ સરતો નથી.આ ઠેકાણે આવતા સહેલાણીઓ પણ ખાલીખમ તળાવ જોઈને નારાજગી વ્યકત કરે છે. આમછતા વર્ષોથી તળાવ વિકાસની યોજનાને સાર્થક કરવા માટે કોઈ એકશન લેવાતા નથી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com